ॐ

सत्यमेवजयते.

वल्लव विनोद.

रची-छपावी प्रसिद्ध करनार,

श्री मेयावत रजपूताचार्य

श्री

त्यागी वैष्णव महंत मोहनदासजी गुरुश्री आत्माराम.

डाह्याभाइनी वाडी पासे, रामानंद धर्म मंदिरना.

घीकांटा, अमदावाद.

संवत. १९६८ ना चैत्र सुद ७ सोमवार ता. २५ मी मार्च सने १९१२

आवृति १ ली प्रत १५००.

किंमत १ आनो.

सत्यमेवजयते.

वल्लव विनोद.

રચી-છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી મેવાવત રજપૂતાચાર્ય

શ્રી

ત્યાગી વૈષ્ણુવ મહંત મોહનદાસજી ગુરૂશ્રી આત્મારામ.

ડાહ્યાભાઈની વાડી પાસે, રામાનંદ ધર્મ મંદિરના.

ધીકાંટા, અમદાવાદ.

સંવત. ૧૯૬૮ ના ચૈત્ર સુદ ૭ સોમવાર તા. ૨૫ મી માર્ચ સને ૧૯૧૨

આવૃતિ ૧ લી પ્રત ૧૫૦૦.

કિમત ૧ આનો.

અમદાવાદ ધી " અમરસિંહજી પ્રીન્ટીંગ " પ્રેસમાં
પઠાણ નિઝામખાન નુરખાન વકીલે છાપ્યું.

પ્રસ્તાવના.

પ્રિય મહાશયો આ લઘુ પુસ્તક છપાવી પ્રસીદ્ધ કરવાનો મારો મૂળ હેતુ એ છે કેઃ—

અત્રે અમદાવાદના રહીશ એક બ્રાહ્મણ વ્યાસ વલ્લવરામ સુરજરામે પોતાના એક પત્રદ્વારા દરેક ધર્મોના ત્યાગી, સંન્યાસી અને બ્રહ્મચારી સાધુઓની નિંદા બનાવી મથાળે લખ્યું છે કેઃ-

वृष्टी थोडी प्लेगज घणो,
मुद्दो एक जड्यो ते तणो.

વિગેરેના નામવાળો પત્ર તારીખ વગરનો વારંવાર છપાવી આસરે દશેક વર્ષોથી જાહેર કરે છે, તેમજ તે સંબંધીનાં બીજાં કેટલાંક પુસ્તકો રચી તેઓ સાધુ સિમિક્ષાનાં કારણો કરે છે જેથી તેનો પ્રતિઉત્તર અત્યાર સુધીમાં કોઈ પણ ધર્મના આચાર્યોએ નહિ આપ્યો.

આથી જગતમાં પુજાતા સર્વોપરી શ્રેષ્ટ શ્રી સનાતન ધર્મના ત્યાગી સંન્યાસી વિગેરે સંત મહાત્માઓની महतत्वता ઉપર પાણી ફેરવેલું જોઇ તે સામે મારાથી સત્ય ટીકા કર્યા વગર સહન થઇ શક્યું નહિ. જેથી મારે તે પ્રત્રકારના કૃપણ પત્ર સામે "**विनोद**" નામ ખંડણ કર્યા અર્થે આ સત્ય લેખ પ્રસીદ્ધ કરવો પડયો છે. એટલા માટે દરેક વિદ્વાન પુરૂષોએ મારી ઉપર દ્વેષ દ્રષ્ટિ નહી રાખતાં આ પુસ્તકમાં વિહિત કરેલા શાસ્ત્રો અનુસાર વરતવવું.

વળી આ પુસ્તકનો લેખ અમોએ કોઇની લાગણી દુખાય તેવો કર્યો નથી. પરંતુ પ્રથમ લખેલા પત્રના પ્રતિઉત્તોર રૂપે શાસ્ત્રો

અનુસાર લખી પ્રસિદ્ધ કર્યો છે. તેમ છતાં કોઈને અસમજણથી ખોટી અસર થાય અથવા દ્રષ્ટિ દોષના લીધે શુદ્ધ અશુદ્ધ જણાય તો તેવા જીજ્ઞાસુએ કૃપા કરી મારા તરફે લખી જણાવવું. જેથી હું તેવા પ્રેમી જનનો મોટો આભાર માનીસ ને બીજી આવૃતિમાં તેમના નામ સહિત કેટલાક સુધારા વધારા સાથે પ્રસિદ્ધ કરીશ.

લી. હું છું સર્વે ત્યાગી સંતોનો કૃપાકાંક્ષી.

ત્યાગી વૈ. મં. મો. ગુરૂશ્રી આ. કર્તા.

અનુક્રમણીકા.

સુચના.

આ પુસ્તકમાં અમોએ દરેક ઠેકાણે વલ્લવનું નામ છપાવ્યું છે, છતાં તેના બદલે સુધારીને વાંચનારાએ વલ્લભ વાંચવું.



प्रथम पुस्तककर्तानुंकारण.

वल्लव विनोद.

અત્રે અમદાવાદના રહીશ એક વ્યાસ વલ્લવરામ સુરજરામે સુધારા વધારા સાથે અત્યાર સુધીમાં તારીખ વગરની અ. મનહર પ્રેસમાં આવૃતિ ત્રીજીની નકલો ૨૦૦૦ છપાવી જાહેર કરી છે અને તેમાં તે પત્રના મથાળે લખ્યું છે કે—

वृष्टी थोडी प्लेगज घणो,
मुद्दो एक जड्यो ते तणो.

ઈત્યાદી મુદ્દાના શબ્દો કર્તાએ પત્રના મથાળે ટાંકીને પોતાનો લેખ પ્રગટ કર્યો છે અને તેમણે તે પત્રની નીચે પહેલી કલમની શરૂવાતમાં લખ્યું છે કે હાલ આજકાલમાં મહાત્મા પુરૂષો વસ્તીમાં ઘણા પધારેલા છે તેથી તો જળવૃષ્ટિ સારી થવી જોઇએ, તેમ પ્લેગ જેવા ખરાબ રોગો નાશ થવા જોઇએ તેને બદલે જોઇએ તેટલી વૃષ્ટિ નહી ને પ્લેગની શાન્તી નહિ તેનું મુખ્ય કારણ એજ છે કે— ત્યાગીઓ એટલે સંન્યાસી બ્રહ્મચારી બાવા વિગેરે વસ્તીની બહાર રહેવા જોઇએ તેને બદલે વસ્તીમાં વસવા લાગ્યા તેજ છે. વીગેરેથી કેટલાક ત્યાગી સાધુઓની નીંદાના લખાણવાળો પત્ર છપાવી જાહેર કર્યો છે જેથી તે પત્ર મારા વાંચવામાં આવ્યાથી તેનો સર્વે લેખ મને એવો જણાય છે કેઃ—

सच्चिदानंद सर्वमें सब घट रह्या सोई
संतोका द्रोही कोऊ नहि जो ब्राह्मण होई तो होई

ઇત્યાદી કહેવત પ્રમાણે તેમનો લેખ તદન અસત્ય અને સંત દ્રોહતાથી ભરેલો દેખાયો. જેથી મારે તેમના કૃપણ પત્રની સામે આ સત્યતાનો સદ જાહેર કર્યા સીવાય ચાલે તેમ જણાયું નહી માટે દરેક ધર્મના જીજ્ઞાસુઓની જાણને માટે હું તે પત્રના કૃપણલેખની ટીકા નીચે પ્રમાણે કરૂં છું.

વ્યાસ વલ્લવ ામના કૃપણલેખની કલમ ૧ લી નુ ખંન્ડણ.

શ્રીયુત મહાશયો, ઉપર પ્રમાણે સાધુ નિંદાના પ્રગટ કર્તાએ પોતાના પત્રની ૧લી કલમમાં કહ્યું છે કે જે ત્યાગી સંન્યાસી બ્રહ્મચારી બાવાઓ વસ્તીમાં આવ્યાથી વરસાદ કમી ને પ્લેગ વધારે થાય છે વિગેરેના દુઃખોનું પ્રગટથનું તે પત્રના કર્તાએ સાધુઓને વસ્તીમાં આવવાથી કહ્યું છે. માટે તેના ઉતોમાં તપાસી જોતાં તેમ હોવુ સિદ્ધ થતું નથી. જો તેમ હોવું સત્ય થતું હોય અને કદાચ કોઇ અમુક ગામમાં તેવા ત્યાગી સન્યાશી બ્રહ્મચારી બાવાઓ ન જતા હોય ત્યાંતો વરસાદ અવશ્ય વધારે થવોજ જોઇએ. તેમજ પ્લેગ પણ બાલકુલ હોવો ન જોઇએ તેમ છતાં ઇશ્વર ઇચ્છાથી ज्यारे सहुनुं त्यारे वहुनुं,, એવી કહેવત પ્રમાણે સર્વનું ભેળુજ થાય છે. એટલે દુષ્કાળના વખતે સઘળા દેશોમાં વરસાદની વૃષ્ટી થોડી તેમજ પ્લેગ જેવા રોગો પણ એકજ સરખી રીતે ભલાને ભુંડાને ને મરચાંની ધુમાડીની પેઠે અસર કરેછે. તો પછી પત્રકારના લેખ પ્રમાણે તેમનું કહેવું ક્યાં રહ્યું ?

વળી જુઓ પૂર્વકાળમાં પણ અત્યારની પેઠે કેટલાક ત્યાગી સન્યાસી બાવાઓ વસ્તીમાં રહેતા હતા તોપણ વરસાદ ઇશ્વરઇચ્છા-

થી થતો હતો. તેમજ કેટલાક ઠેકાણેથી ઉપરના ત્યાગી મહાત્માઓ વિગેરે મોટામોટા રાજાઓ પણ જંગલોમાં જઇ પર્ણકૂટીકાઓ બાંધી પ્રભુભજન કરતા હતા તોપણ કેટલાક દુષ્કાળો તથા મહામારીના રોગો વસ્તીમાં ફાટીનીકળેલા છે. જેના કેટલાક દાખલા મહાભારતમાં લખેલા છે તે જોવાથી વાંચકવર્ગને ખાત્રી થશે. છતાં જે ત્યાગી સંન્યાસી બ્રહ્મચારી બાવાઓને વસ્તીમાં રહેવાથી વરસાદ કમીને પ્લેગના રોગોની વૃદ્ધી થવાવિષેનો જે લેખ છે તે તદન ભુલ ભરેલો અને દ્વેષને લઇને લખેલો ચોખ્ખો જણાય છે.

છતાં જો સત્ય પુછોતો તેવા દોષો પ્રજાને વેઠવા પડે છે તે સઘળા ભરતખંડમાં વસતા પોપપંથી બ્રાહ્મણોની અલૌકિક ક્રિયાઓના લીધે છે. કાંઇ ત્યાગી સન્યાસી કે બ્રહ્મચારી બાવાઓને વસ્તીમાં રહેવાને લીધે નડતાં નથી. કારણ કે, બ્રાહ્મણો વિષે ભાગવત વિગેરે ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે, બ્રાહ્મણોએ પ્રથમ આઠ વરસની ઉમરે (મુજી) કર્મ જનોઇનો સંસ્કાર કરાવવો તે પછી વિદ્યા સંપાદન કરવા માટે ગુરૂની પાસે (પા ભાગની આયુષ સુધી) એટલે કળીયુગના પ્રમાણથી ગણી જોતાં (૨૫) વર્ષ સુધી બ્રહ્મચારી રહેવું તે પછી પોતાને જો ગૃહસ્થાશ્રમ બાંધવાની મરજી હોય તો પોતે સુપાત્ર સ્ત્રીની સાથે પરણી (૨૫) વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ ચલાવવો. તે પછી પોતાનાથી થએલા સંતાનોને સ્થાવર મીલકત વહેંચી આપી પોતે સ્ત્રી સહવાન પ્રસ્થાશ્રમ ધારણ કરી વનમાં જઇ તપસ્યા કરવી પરંતુ સ્ત્રી સાથે કામ ક્રિડા કરવો નહી એ પ્રમાણે (૨૫) વર્ષ પુરાં થાય તે પછી પોતાની સ્ત્રીને પુત્રોના આસરે મુકી પોતે સન્યાસાશ્રમ ધારણ કરવો ને સંસારમાં વિચરતા રહેવું. તેમજ લોકોપયોગી ધર્મનો ઉપદેશ

કરવો છતાં એક ગામમાં એક રાત્રી સીવાયબીજી રાત્રી સુધી રહેવું નહી. તે કાલે વાપરવાની ચીંતાથી કોઇપણ ચીજનો આગળના દી-વસથી સંગ્રહ કરવો નહી. અર્થાત અનાશ્રીતે જે કંઇ મળે તેટલાજ ઉપર સંતોષ રાખી પોતાનું આયુષ પુરૂ કરવું. એ પ્રમાણે બ્રાહ્મણોને ધર્મો પાળવા વિષે શાસ્ત્રોમાં કેટલીક આજ્ઞાઓ પ્રતિપાદન કરેલીછે.

તેમ છતાં આજકાલનાતો કેટલાક બ્રાહ્મણો સવારમાં ઉઠતાંની સાથે વેદ ગાયત્રીના મંત્રોનો ત્યાગ કરી "હાસ ડાઘ" વિગેરેના શબ્દો ભણે છે. તેમજ સવારમાં વહેલા ઉઠી સ્નાનસંધ્યાદી કર્મો કરી પવીત્ર વસ્ત્ર અંગે લપેટવું જોઇએ તેના બદલે આજના બ્રાહ્મણોતો કોટ પાટલુન વગેરે હેમ્પશુઝ જેવા ડ્રેશ પહેરી ફરે છે.

વળી બ્રાહ્મણોની રસોઇ એટલીતો પવીત્રતાથી બનાવવી જોઇએ કે કોઇ અન્ય વર્ણનો માણસ તેને જોઇ શકે નહિ. તેના બદલે અત્યારના બ્રાહ્મણોતો હોટલોમાંજ ઠેલમઠેલા થતા દેખાય છે. વળી બ્રાહ્મણોએ સદાને માટે સ્વતંત્રતાથી ધર્મનો બોધ કરવો જોઇએ તેના ઠેકાણે આજના બ્રાહ્મણોતો શુદ્રોને પણ ન છાજે તેવી રીતે નષ્ટ નોકરીમાંજ સંતોષ માને છે. છતાં પોતાના દોષ પોતાને સુજતા નથી ને અન્યના અપ્રમાણીક અવગુણો દેખાડે છે. માટે ખરૂં જોતાં તો આપણા દેશમાં વારંવાર દુષ્કાળો પડે છે તેમજ પ્લેગ જેવા રોગોનો વધારો થાય છે તે સર્વે દુઃખ કળીયુગના બ્રાહ્મણોની અવૈદીક ક્રિયાના લીધેથીજ દેખાય છે એટલા માટે પત્રના પ્રગટ કર્તાએ ત્યાગી સાધુઓ ઉપર મુકેલો આરોપ સત્ય નથી પણ દ્વેષથી લખેલો છે.

વ્યાસ વલ્લવરામના કૃપણુલેખની કલમ ૨ જી નું ખંન્ડણુ.

વળી તેજ પત્રની બીજી કલમમાં લખ્યું છે કે, જકતમાં ઘણાક પુરૂષો કેવળ બાયલા અને અજ્ઞાનમતિના થઇ ગયા છે. જેથી તેમની સ્ત્રીઓએ ત્યાગીઓના સંગે ચઢી કાળપાડવાની ને પ્લેગ જેવા રોગો વધારવાની તૈયારી કરી છે વિગેરેથી કહ્યું છે. ? માટે તેના ઉત્તરમાં સુજ્ઞ મહાશયોએ વિચાર કરવાનો છે કે હવેથી તેવો લેખ પ્રગટ કરનારના કહેવા પ્રમાણે કોઇપણ મહાત્માના દર્શને સંસારી પુરૂષોએ પોતાની સ્ત્રીઓને મોકલવી નહી અને એવા ત્યાગી મહાત્માઓને સારાંસારાં મિષ્ટાન ભોજનો પણ જમાડવાં નહિ ઇત્યાદી સત્યતાની સીડીએ લોકોને ચડાવવા રૂપે તેવું લખનારનો મત છે. માટે તેના ઉત્તરમાં હું પણ ટેકો આપી કહું છું કે, જો તેવા મહાત્માઓ પાસે સ્ત્રીઓને જવાથી કલંક લાગે છે ? તોપછી જ્યાં માણભટો કથા કરતા હોય ત્યાં પણ સ્ત્રીઓએ રાત્રીના વખતે જવું જોઇએ નહી, કારણ કે જેવી રીતે સાધુઓના દર્શને સ્ત્રીઓને મોકલનાર તેના ધણી બાયલા અને અજ્ઞાનમતિના ગણાય છે તેવીજ રીતે પૈસાની તૃષ્ણાથી કથા કરનારા માણભટોની કથાઓમાં સ્ત્રીઓને મોકલનાર તેના ધણી બાયલા ગણાય તેમાં શક નથી. કેમકે જ્યાં માણભટો કથા કરે છે ત્યાં સ્ત્રીઓ રાત્રીના વખતે જઇ ભટ્ટજીની સામે દ્રષ્ટિબાણુ સાંધી બેસે છે. એટલે ભટ્ટજી કથા ઉચ્ચાર કરતી વખતે શ્રોતાના તર્ફે મુખ રાખી પોતે આંખોના ઉલાળા, મોઢાના મચકારા અને હાથોના હીલોળા કરી ઘણાક હાવ ભાવથી શ્રોતાઓના મનને હરે છે. અને

હરનિસ કૃષ્ણગોપીનાં રસીક કાવ્યોનાં ગીતો ગાઇ કેટલીક બીચારી ભોળી સ્ત્રીઓને તેવા લાડુચોળ લપટાવે છે.

આથી કેટલીક સ્ત્રીઓ પોતાના પતીથી છાના પૈસા આપી દે છે અને કેટલીક તો આપી પણ દેતી હશે.

જેથી હવે સુજ્ઞ મહાશયોએ ઉપરની વાત ધ્યાનમાં લઈ આવા લોભાર્થી માણભટોની કથાઓમાં પોતાની સ્ત્રીઓને કદી પણ મોકલવી નહી અને પોતે પણ જવું નહી, તેમ છતાં નિષ્કામી મહાત્માઓના દર્શને જવાથી કંઇ પણ દોષ લાગતો નથી એવું અનંત શાસ્ત્રોમાં વર્ણન કરી કહ્યું છે કે ?

संतन के ऊपदेश बिनुं श्रद्धा रहित प्रबिण

क्युं करी श्री पतिनाथबिण होत पापसब क्षिण

સંતોના ઉપદેશ વિના કોઇનું પાપ દૂર થયું નથી અને થશે પણ નહી માટે સંસારી લોકોએ સદા ત્યાગી મહાત્માઓનો ઉપદેશ શ્રવણ કરવાથી ધર્મ અર્થ કામ અને મોક્ષ એવા ચાર પ્રકારના ફળની પ્રાપ્તિ થાય છે ? વળી તુલશીદાસે કહ્યું છે કેઃ—

एक घडी आधि घडी आधिमां पुनिआध

तुलसी संगत संतकी हरे कोटि अपराध

વિગેરે અનંત પ્રમાણોથી સીદ્ધ થાય છે કે સાધુસંગોમાં જવાથી મનુષ્યના ત્રિતાપોનું હરણ થાય છે અને જીવોનું આવાગમન મહા દુઃખ ટળી જાયછે તેમ છતાં કોઇ પણ ઠેકાણે એમ નથી કહ્યું કેઃ—

માણુભટ્ટોનો સંગ કરવાથી ઉપ્રોકત મુકિતના ફળ મળેછે માટે જકતમાં ત્યાગી સંતોનો મહીમા સુર્યના તેજ સમાન અન્ત યુગોથી પ્રકાશિત છે તેનું કોઇ કાળે ખંડન થયું નથી. અને થનાર પણ નથી છતાં કોઇ દ્વેષના લીધે કરશે તો તેવાને સુર્યના સામી ચપટી ભરી ધુળ નાંખી ઝાંખો પાડનારા જેવો સમજવો. માટે તેના પ્રમાણમાં સાધુસંગ કરવાથી એક ખેડુતની સ્ત્રીનું તેના પતિ સહીત થયેલુ કલ્યાણ અને માણુભટ્ટનો સંગ કરવાથી એક બાળ વિધવાની થએલી ફજેતીનું ફારસ.

સત્ય—ભાગવતના આધારથી કહુછું તે સાંભળો.

સતસંગ કરવાથી એક ખેડુતની સ્ત્રીનું તેના પતિસહિત થએલું કલ્યાણ.

કોઇ એક ગામમાં શિવદાસ નામે ખેડુત રહેતો હતો તેની સ્ત્રી ઘણી પાપણી હતી. તે હંમેશ પોતાના ધણીને સાત સાત ખાસડાનો માર મારીને ખાવાનું આપતી હતી. વિગેરેથી તે પાપણી નિરંતર પોતાના ધણીને અનંત પ્રકારનું દુઃખ દેતી. તેવામાં એક વૃદ્ધ ડોશી એક નિષ્કામી મહાત્મા પાસે પ્રતિદીવસ સતસંગ કરવા જતી હતી. તે જોઇ શિવદાસ ખેડુતની સ્ત્રીએ પૂછ્યું કે, કાકીજી તમો પ્રતિદિવસ કયાં જાઓ છો ? ત્યારે તે વદ્ધ ડોશીએ કહ્યું કે, બેન હું તો એક નિષ્કામી નિર્લોભી ત્યાગી મહાત્મા આવ્યા છે તેમની પાસે સતસંગનું મહાતમ કે જે મોટા પુરૂષોએ અનેક પ્રકારે ધર્મશાસ્ત્રોમાં વર્ણન કર્યું છે તે શ્રવણ કરવા જાઉં છું. તે સાંભળી શિવદાસ ખેડુતની સ્ત્રી બોલી કે ત્યારે કાકીજી તમે મને ત્યાં તેડી જશો ?

ડોશી કહે બેન તારી ઇચ્છા હોય તો ચાલ. તે સાંભળી શીવદાસ ખેડુતની સ્ત્રી પેલી વૃદ્ધ ડોશી સાથે મહાત્મા પાસે ગઇ.

આ વખતે મહાત્મા પણ પતિવ્રતા સ્ત્રીઓના ધર્મોનો ઉપદેશ કરતા હતા. તેમાં આવ્યું કે, જે સ્ત્રી પોતાના ધણીને કુશબ્દો કહી સંતાપે છે તેને યમના દુતો લોખંડની ઉની ધગધગતી ગેડીઓથી મારમારી તેની જીવ્હા ખેંચી કાઢે છે. અને છેવટે યમના દુતો નાના પ્રકારનાં દુઃખો આપી કોટાનકોટી જન્મો સુધી નરકમાં નાંખેછે વિગેરેની વાત સાંભળવાથી શિવદાસ ખેડુતની સ્ત્રી ત્રાસ પામી ગઇ ને મહાત્માની પ્રાર્થના કરવા લાગી અને કહેવા લાગી કે મહારાજ મારા પાપના ખામી નથી. મેં ઘણા પ્રકારે મારા ધણીને દુઃખ દીધું છે હવે મારા જીવનું કલ્યાણ થાય તેવો માર્ગ બતાવો.

મહાત્મા કહે બેન નિત્ય નિયમથી સત્ય પુરૂષોના દર્શનોના લાભ સહીત તારા ધણીની તન મન અને ધનથી ઘણા ઘણા ભાવથી સેવા કરજે એટલે તારાં સર્વ પાપ પ્રાજ્ય થશે ને પ્રભુ તને પ્રસન્ન થશે

વિગેરેનો પરમ બોધ આપી મહાત્માએ તે બાઇને પાપ મુકત કરી. પછી તે બાઇ પોતાના ઘેર આવી પોતાના પુરૂષ માટે સારી રસોઇ કરી ગરમ પાણી મુકી હાથમાં જળનો લોટો લઈ હવે મારો સ્વામિનાથ કયારે આવશે તેની વાટ જોતી ઉભી રહી. તેવામાં તેનો ધણી ખેતરમાંથી આવ્યો અને પાણીનો લોટો હાથમાં લઇ ઉભેલી રંડાને જોઇ ચમકયો ને મન સાથે કહેવા લાગ્યો કે અરે ! આ રંડા તો હમેશા મને જુતાનો માર મારતી હતી તેથી મો આટલુ પણું પડી ગયાં છે. છતાં આજ તો આ રંડા પાણીનો

લોટો લઇ સાભી ઉભી રહી છે તેથી રખેને મારૂં માથું ફોડી ન નાખે એવી ચીંતા કરતો મન સાથે ઇશ્વર ઇચ્છા રાખી પાસે આવ્યો એટલે પોતાની સ્ત્રીએ બે હાથ જોડી પ્રાર્થના કરી જળનો લોટો આપ્યો. તે પછી ગરમ પાણીથી ચોળી મસળીને સ્નાન કરાવ્યું ને પવિત્ર વસ્ત્રો પહેરવા આપી પોતાના સ્વામિને જમવા બેસાડયો અને પોતે પંખો લઇ વાયુ ઢોળવા બેઠી.

આથી શિવદાસ જમતાં જમતાં બહુ પ્રસન્ન થયો અને મન સાથે કહેવા લાગ્યો કે, અરે પ્રભુ આજ મારૂં આવું પુન્ય કયાંથી ઉદય થયું કે જેથી આ રંડા મને આટલું બધું સુખ આપેછે વિગેરે સંકલ્પ કરતો થકો તે સબંધી બધી બીના પુછી ત્યારે તેણે જવાબ આપ્યો કે મને એક મહા પુરૂષ સાધુએ ઉપદેશ કર્યો છે તેથી મને આવું જ્ઞાન ઉદય થયું છે.

તે જોઇ શિવદાસ ઘણો ખુશી થયો ને પેલા મહાપુરૂષનો ઉપકાર માની પોતાના ધંધે ગયો. તે પછી પેલી બાઇએ પ્રતિજ્ઞા લીધી કે હવેથી મારા સ્વામીને જમાડીને મારે જમવું એવી ટેક રાખવાથી કેટલેક દીવસે તેને ભગવાને પ્રસન્ન થઇ દર્શન દીધું અને તેનું તથા તેના પુરૂષનું કલ્યાણ થયું વીગેરે સંતના મહીમાના દાખલા ઘણાક પુસ્તકોમાં લખેલા છે

છતાં અત્રે ટુંકમાં ઇશારા રૂપે બતાવી હવે આગળના વિષયમાં ભટ્ટોથી થતા ભોપાળા લખુંછું.

માણુ ભટ્ટનો સંગ કરવાથી એક બાળ વિધવાની થએલી ફજેતીનું ફારસ.

જુઓ સત્યા સત્ય વિચાર નામના પુસ્તકના પુષ્ટ ૩૫ માં થી એક માણુ ભટ (પુરાણીની) ફજેતીનું ફારસ મળી આવ્યું છે તે સાંભળો.

કોઈ એક ગામમાં એક વ્યાસજીએ કથા માંડી હતી ત્યાં એક સ્વરૂપવાન બાળ વિધવા કથા શ્રવણ કરવા આવતી હતી. તે કાન્તાનું મનોહરરૂપ જોઇ વ્યાસજી તેના ઉપર મોહવ ઇ ગયા. પરંતુ કથામાં તો ઘણા શ્રોતા હોવાથી વ્યાસજીને કંઇ ચેન પડયું નહિ ને એના ને એનાજ વિચારમાં શોધન કરતાં વ્યાસજીને એક યુકિત સુજી. જેથી તેણે એક કુલટાને બોલાવી પેલી બાળવિધવાને સમજાવી પોતાને વશ કરવાની પ્રેરવી કીધી.

તે બાઈ બાળપણામાંથીજ વિધવા થયેલી જેથી વિધવાઓને પાળ-વાના ધર્મોથી અજ્ઞાન તેમજ સર્વે ઇંદ્રીયો વશ રાખવા ન શીખેલી તેમજ જુવાનીના મદમાં અને પોતાની સમાન સાહેલીઓને શ્રૃંગાર સુખમાં માલતી જોઇ મહા દુઃખસાગરમાં ડુબેલી તેવી કુમળી બાળાને સમજાવવું તે કુલટાને કઠણ પડયું નહિ. તેમજ તે વ્યાસજીએ પણ પ્રતિરોજ સ્ત્રીઓને મોહ પમાડે તેવાં રાધાકૃષ્ણના વિહાર સુખનાં ગીતો ગાઈ પેલી બાળવિધવાને કામાંધ કરી મુકેલી જેથી તેને સમજાવવી તેમાં શી અડચણ?

તે પછી તે કુલટાદ્વારે બન્ને જણનો મેળાવ થયો.

તે પછી કેટલાક દીવસો વીત્યાબાદ દૈવયોગ્યથી એક વખતે કોઇ એક બીજો વ્યાસ તેની કથામાં બેસવા આવ્યો. તે વખતે કથા પ્રસંગ શ્રીમદ ભાગવતના પચંમ સ્કંદનો ૨૪ મો અધ્યાય વંચાતો હતો. હવે એમ બન્યુ કે બીજા વ્યાસ બેઠેલા એટલે ખોટુંતો વંચાય નહિ અને ખરૂં વાંચેતો પેલી બાળવિધવાને બોધ થાય જેથી વ્યાસજીએ તોડ કાઢયો કે જો ખોટું વાંચશું તો આ વ્યાસજી ગામમાં નિંદા કરી મને ફજેત કરશે અને આજીવિકાને ધકકો પહોંચશે.

તેથી એતો ન કરવું ખેર હવે વાંચ્યા વગર છુટકો નથી એમ બ્યાસજીએ ધારી એ અધ્યાયમાં જે નરક વર્ણનની કથા હતી તે સવિસ્તર સમજાવી કહ્યું કે:-

જે કોઇ સ્ત્રી વ્યભિચાર કરશે તો તેને કરોડો વર્ષ સુધી રૌરૌ નર્ક ભોગવવું પડશે. વગેરેનો બોધ પેલી બાળવિધવાએ સાંભળ્યો. આથી તેનું શરીર ધ્રૂજવા લાગ્યું તેને પોતાના કુકર્મો માટે અતિ શોક થયો અને મનમાં વ્યાસજીને હજારો ગાળો દેવા લાગી કે એણે મારી પાસે આવું અઘોર કર્મ કરાવ્યું અને પોતે પણ નરકનો ભાગી થયો.

એ વિચારમાં ને વિચારમાં તેની મુખમુદ્રા કેવળ બદલાઇ જઇ આંખે આંસુધારા આવી ગયાં અને દુ:ખીત વદને અતિ શોકમાં ગમગીન થઇ પોતાને ઘેર ગઇ.

વળી અહીંઆં વ્યાસજી પણ તેનો ચહેરો જોઈ સનજી ગયા કે કામતો ધારણા પ્રમાણે બગડી ગયું ખરૂં અને તેમાં તે દહાડે નિમિત સમયે તે વ્યાસજીને ઘેરપણ દર્શનને બહાને ન ગઇ તેથી બ્યાસજીને નિશ્ચય થયો કે તે આવી નહિ. ત્યારે કુલટાને પાછી મોકલવી જોઇએ. તેવા વિચારથી કુલટાને બોલાવી કામવસ પડેલા વ્યાસજીએ તેને તેડવા મોકલી પરંતુ નરક ભયથી બ્હીને ભોળી વિધવાએ તે કુલટાને પણ ગાળો ભાંડી. નર્કની કથા સમજાવીને ખીસીઆણી કરી પાછી વાળી. ત્યારે બ્યાસજીએ તે કુલટાને પાછી મોકલી કહેવરાવ્યું કે એ કથાનો ભેદ તું સમજી નથી તેથી તું આવ અને તેનો મર્મ સાંભળી તારે જોઇએ પાછી જજે, આરેતો માત્ર તારી ખાતરી કરવી છે એ પરમાણે સમજાવી કુલટાને મોકલી એટલે કુલટા ત્યાં ગઇ અને તેને ફોસલાવીને સમજાવી આથી તે વિધવા કુલટાને મુખે સાંભળી તેનુ રહસ્ય

સમજવાને આતુર થઇ અને પોતે પાછી વ્યાસજી પાસે ગઇ.

પેલી બાળવિધવાને દૂરથી આવતી જોઈ વ્યાસજીએ મુનતાથી ઢાવકુ મુખ રાખી જાણે મહાજ્ઞાની હોય એવું આડંબર કર્યું ને કહેવા લાગ્યો કે, કેમ સ્ત્રીની મતી પાનીએ ખરી કે ?

અરે એ કથાનો આગલો પાછલો સબંધ શું તે તું જાણે છે! વગર સમજે વચમાંની વાત પકડી લીધી! ખરેખર તને દુ:ખીત જોઇ મને તારી દયા આવે છે. નહીતર મને શું ગરજ કે વળી ન આવી તોપણ પાછી બોલાવું? હવે એ કથાનો આગલો પાછલો સબંધ કહુછું તે સાંભળ । પછી તારે ચાલ્યુંજવું હોયતો જજે. જ્યારે તને મારો વિશ્વાસજ નથી તોપછી પ્રિત શું કામની?

ગઇ કાલે જે કથા વાંચી તે ભાગવતના પાંચમા સ્કંધની વાત છે તે વખતે સત્યયુગ હતો અને પછી ત્રેતામાં રામાઅવતાર થયો. તેઓ મરીઆદા પુરૂષોત્તમ હોવાથી સત્યયુગની સઘળી મરીયાદા ત્રેતાયુગમાં ચલાવી તે કથા નવમા સ્કંધમાં છે.

તે પછી દ્વાપરયુગ આવ્યો. તેમાં શ્રી કૃષ્ણપ્રમાત્મા કળા સહીત ઉમન્ન થયા અને તેની એવી ઇચ્છા થઇ કે, હવે આ યુગમાં મર્યાદા ન રાખવી તેથી પોતે આપે આપની રીત ચલાવી અને હજારો ગોપીઓ સાથે રાસક્રિડા કરી નરકના સઘળા કુંડો પુરાવી નાખ્યા તે ઉપર સારાસારા કુંજો બાંધી તે કુંજોમાં પોતે અખંડ રાશક્રિડા કરે છે તે કથા પુરાણોમાં પણ પ્રસિદ્ધ છે. તેથી હવે આપણે તો નરકને બદલે તે લોકમાં જઇ કુંજમાં વિહાર કરીશું. એ પૂર્વાપર સબંધ સાંભળ્યા વગર તું બેબાકળી બની ગઇ તે જોઇ મને તેજ

વખતે હસવું આવ્યું હતું એ પ્રમાણે વ્યાસજીનાપર પંચનું ઉપલું સમાધાન સાંભળી તે બાળ વિધવાને જે નરકના ભયથી શોક થયો હતો તે ટળી ગયો અને કરગરી વ્યાસજીને પગે પડી માફી માગી ત્યારે વ્યાસજીએ પ્રથમ ધમકાવી કહ્યું કે તું જે કથા સાંભળે છે તેમાં તનેજે શંકા થાય તે પ્રથમ પુછી ખુલાસો લઇશ તોજ તું યથાર્થ સમજી શકીશ. એ પ્રમાણે પોપજીના સમજાવ્યાથી તે વાત તે બાળવિધવાએ માન્ય કરી પાછી પૂર્વવત તેને સાથે નિર્ભય થઇ વિહાર કરવા લાગી. આ ઉપરથી જોતાં હવેથી કોઇ સ્ત્રીને તેવા માણુ ભટ્ટોની કથા સાંભળવા જવા દેવામાં સાર નથી કારણ કેઃ—

कथा सांभळी फुटया कान
तोय न आव्युं ब्रह्म ज्ञान

ઇત્યાદી કહેવત પ્રમાણે તપાસી જોતાં માણુભટ્ટોની કથા શ્રવણુ કરવાથી અત્યાર સુધીમાં કોઇને આત્મ તત્વનો બોધ થયો નથી અને થશે પણુ નહી. માટે તેવા (પુરાણી) વ્યાસોની પાસે જે કોઇ પુરૂષ પોતાની સ્ત્રીઓને કથા શ્રવણુ કરવા મોકલે છે તેવા પુરૂષો બાયલા તેમજ અજ્ઞાન મતીના હીણુ સમજવા. માટે તે પત્રની (૨) જી કલમનો લેખ છે તે સત્ય નથી પરંતુ દ્વેષી જણાય છે.

વ્યાસ વલ્લવરામના કૃપણુ લેખની કલમ (૩) જીનું ખંડણુ.

ઉપ્રોકત પત્રકારે પોતાના પત્રની ૩ જી કલમમાં લખ્યું છે કે!!! અરે અજ્ઞાની ભાઇઓ બૈરાંને બગાડનાર બાવા એટલે ત્યાગીઓ છે વિગેરેથી લખી આગળ જતાં કહ્યું છે કેઃ—

સીતાજીનું હરણ કર્યું તે રાવણે બાવાના વેશે કર્યું તેમજ વૃંદાને છળ કરનાર પણ બાવાના વેશે વિષ્ણુએ કર્યું વળી શુભદ્રાનું હરણ કર્યું તે પણ બાવાના વેશે અર્જુને કર્યું છે.

વિગેરેના કેટલાક દ્રષ્ટાન્તો મેળવી તેમણે સાધુઓની નિંદા કરી છે માટે તેના ઉત્તરમાં ખરૂં જોતાં શૈશંને બગાડનાર આગળ કહી ગયા તે પ્રમાણે સાધુઓ નથી પણ બ્રાહ્મણોજ છે, કેમકે

જુઓ રાવણે કપટથી સાધુનું રૂપ ધારણ કરી સતી સીતાજીનું હરણ કર્યું તે રાવણ સાધુ હતો નહિ પણ બ્રાહ્મણજ હતો.

વળી? પૃથ્વીમાં ફરી ક્ષત્રીઓને એકવીસ વાર ખોળીખોળીને મારી નાખનાર (પરશુરામ) પણ બ્રાહ્મણનાજ રૂપે હતા.

વળી? સત્યવાદી રાજા હરીશ્ચંદ્રને મહા દુઃખ દઇ તેને નિચ ઘરે વેચાવનાર તથા તેનું સર્વસ લઇ લેનાર વિશ્વામિત્ર તે પણ બ્રાહ્મણજ હતો.

વળી? ગૌતમ જેવા મહા મુનિ કે જેણે પ્રજાને સાત દુષ્કાળો કઢાવ્યા તેવા પરોપકારી ગૌતમને મિથ્યા ગૌહત્યાનો દોષ મુકનાર તે પણ બ્રાહ્મણોજ હતા.

વળી? સમસ્ત પૃથ્વીના દેવતાઓને ત્રાસ આપીને છેવટે પોતાના પુત્ર પ્રહલ્લાદને નિર્દયતાથી દુઃખ દેનારા જે કશ્યપાદિ તેના પુત્રો હરીણ્યાક્ષ અને હરીણ્યાક્ષપુ દૈત્યો તે પણ બ્રાહ્મણોજ હતા.

વળી? દેવતાઓને દુઃખ દેનાર જે વૃત્રાસુર કે જે ઇંદ્રના હાથે મરાયો તે પણ બ્રાહ્મણજ હતો.

વળી સંખ લેખ સુધનવાને દુઃખ દેનારા તે પણ બ્રાહ્મણોજ હતા.

વળી? એક ગરીબ મછીમારની દીકરી (અવિવાહિત) મછ-

ગંધાને નદીમાં ઉતરતાં વહાણુમાં પકડી (બળાત્કારે) ભોગવનાર રૂષી પારાશર તે પણ બ્રાહ્મણુજ હતા.

વળી? રાવણે પોતાની ભત્રીજા વહુને વ્યભીચાર કરવા પકડી હતી તે રાક્ષસ કુળમાં ગણાતો રાવણ પણ ઉપર કહી ગયા તે પ્રમાણે બ્રાહ્મણુજ હતો.

વળી? જુઓ પાંડવોનું લુણપાણી ખાઇ મોટો થએલો અશ્વત્થામા તેણે નિર્દોષ દ્રૌપતીના પુત્રોને (આતતાયી) પણે મારી નાખ્યા તે અશ્વત્થામા પણ બ્રાહ્મણુજ હતો.

વળી? કરણ દાનેશરીનું સત્ય મુકાવનાર પ્રભુ બ્રાહ્મણનાજ વેશે હતા.

વળી? અભેમન્યુને અને (ઐલોચન) ને છળ કરી પેટીમાં પુરી મારનાર પ્રભુ તેપણ બ્રાહ્મણનાજ વેશે હતા.

વળી? પાંડુ રાજાનું શબ બાળતી વખતે દગાઇ કરનાર પ્રભુ તે પણ બ્રાહ્મણનેજ વેશે હતા.

વળી? વેનપુત્ર પૃથુરાજને પોતાની બેન સાથે પરણાવનારા તે પણ બ્રાહ્મણોજ હતા.

વળી? પોતાની પુત્રી સરસ્વતીની સાથે વ્યભીચાર કરવા પુંઠે પડેલા તે પણ બ્રાહ્મણોના પીતા બ્રહ્માજ હતા.

વળી? લાખુ ખાડમાં કેટલાકોના જાન લેનાર તે પણ બ્રાહ્મણુજ હતા.

વળી? આપણા દેશમાંથી ક્ષત્રિ વૈશ્યના ધર્મો ડુબાવનાર અને નિર્દોષ પ્રજાને દુઃખ દેનાર (પેશ્વા) તેપણ બ્રાહ્મણુજ હતો.

વળી? ગુજરાત દેશનું મુખ્ય શહેર પાટણ તે ઉપર રહીને લુટાવનાર તથા પોતાના રાજાનું લુણપાણી ખાધા છતાં દિલ્લીમાં જઇ

મ્લેચ્છ અલાઉદીનખુની સાથે સલાહ કરી પાટણના રાજા કરણઘેલાને રખડાવી મરાવનાર જે પ્રધાન માધવ તેપણ બ્રાહ્મણ હતો.

વળી? બીના અપરાધીઓને વીના કારણે શ્રાપ દઈ દુઃખ આપનાર દુર્વાસા તેપણ બ્રાહ્મણ હતા.

વળી? અત્રે અમદાવાદમાં માંડવીની પોળના રહીશ માણેકલાલ ડાકટરે પૈસાના લોભથી એક વાણીઆને ઝેર દઈ મારી નાખ્યો હતો તે માણેકલાલ પણ બ્રાહ્મણજ હતો.

વળી? ગયા વરસમાં રાજદ્રોહના કાવત્રામાં શામીલ રહી એક નાશિકના કલેકટર મી. જેકશનનું ખુન કરનાર તેપણ બ્રાહ્મણજ જણાયો હતો.

વળી? અત્રે અમદાવાદમાં ખામાશાના ચકલા પાસેના રહીશએક ઢેડોના ધર્મગુરૂ મહંતશેવાદાસની સ્ત્રી બાઇ ધુળીને દેહગામ તાલુકાના ગામ મગોડીના રહેવાશી ગરોડા જેઠાએ હરણ કરી તે બાઇને લાગટે લઇ ગયો તેપણ ઢેડમાં મનાતો બ્રાહ્મણજ હતો.

વિગેરે ઘણા ઘણા છળ કરી જકતને દુઃખ દેનાર મૂળ જોતાં તો બ્રાહ્મણોજ જણાય છે.

તેમ છતાં તેના શાસ્ત્ર પ્રમાણોથી અથવા ચાલતા બનેલા બનાવોના બધા દાખલા પ્રસિદ્ધ કરૂંતો એક મોટું પુસ્તક બની જાય.

પરંન્તુ બુધિશાળી પુરૂષોના જાણની માટે આટલા બસ છે છતાં સાધુનીંઘતાનો જે લેખ છે તે સત્ય નથી જો સત્ય હોય ને બધા ત્યાગી સાધુઓ એકજ સરખી રીતે ધુતારા હોયતો જુઓ આપણા અમદાવાદવાદમાં હવડે એક તાજો દાખલો બન્યો છે.

જે મહારાજ શ્રી ત્યાગી મહાત્મા સર્યુદાસની કેવી ગતી થઇ કે જેમના મર્ણથી અત્રેની સર્વ વર્ણના લોકો શોકના સમુદ્રમાં ડુબી ગયા હતા તેમજ તેમના મહીમાનો પ્રેમ આખા દેશમાં પ્રસરી રહ્યો છે માટે સત્ય જોશો તો સર્વે વર્ણોના કરતાં જે ત્યાગી મહાત્માઓ છે તેઓનો મહીમા અથાગ અને વેદ શિરોમણી (भगवलस्वरुप) સરણમાં ગણાય છે. ? જુઓ ગીતાજીના અ. ૧૮માના શ્લો. ૬૬ મા માં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કેઃ—**सर्व धर्मान्परित्यज्य, मामेकंशरणं व्रज.** ઇત્યાદિ શબ્દો ઇશ્વિર મુખથી વર્ણવી સાધુઓને સર્ણમાં લેવાનું કહ્યું છે તેમ છતાં આગળ જતાં તેજ ગીતાજીમાં કહ્યું છે કે જ્યારે પાપી લોકો સાધુ મહાત્માઓને દુઃખ દેય છે ત્યારે પ્રભુ પોતે

परित्राणाय साधुनां विनाशायच दुष्कृताम्

धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे

(ગીતા. અ. ૪ ના. શ્લો. ૮ માં.)

અર્થ—હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે અને મારા અધિકારી સાધુઓને દુષ્ટ લોકો દુઃખ દેય છે તેમજ સર્વન્તરેથી અધર્મનો વધારો થાય છે ત્યારે હું પોતે નિર્ગુણ છતાં શિર્ગુણરૂપે અવતાર ધારણ કરી મારા શ્રી સનાતનત્યાગી સાધુઓના દુઃખને નિવૃત કરૂં છું અને પાપીઓનો નાશ કરૂં છું. વિગેરેથી જોતાં ઇશ્વર વચને સિદ્ધ થાય છે જે સાધુઓજ સર્વ જકતમાં પુજ્ય ગણાય છે. તો પછી આવા કલ્પીત લેખ કર્તાઓનું કહેવું કયાં રહ્યું? માટે ૩ જી કલમનો લેખ છે તે સાધુનિંદતાના કારણમાં સત્ય નથી.

વ્યાસ વલ્લવરામના કૃપણુલેખની કલમ ૪ થી નું ખંન્ડણ.

ઉપ્રોક્ત પત્રકારે પોતાના પત્રની ૪ થી કલમમાં લખ્યું છે કે જગતની કહેવત જુઓ! કોઇ છોકરાં રમતાં હોય છે તો કહીએ છીએ કે, છોકરાં ઘરમાં જતાં રહો નહીતો બાવા પકડી જશે ! વિગેરેથી કહી આગળ જતાં લખ્યું છે કે, નાના છોકરાને કોઈ હસ્તાં ગાળ દે છે તેમાં એમ કહે છે કે, હત તારી માને બાવા લઇ જાય. ઇત્યાદી કહેવતો લખી સાધુઓનું માન મરોડવાનો ઇશારો કર્યો છે તેમજ તેમણે તેજ કલમની ઉતરતી લીટીમાં લખ્યું છે કેઃ—

આ બધી હકીકત ધ્યાનમાં લઇ બૈરાંઓને ત્યાગીઓ પાસે કલ્યાણ કરાવવાનું બંધ કરો તો કાંઇ કાળ પડતા અટકે અને પ્લેગ જેવા રોગો નાશ પામે. વિગેરેના શબ્દો આ ચોથી કલમમાં લખી પ્રગટ કર્યા છે.

માટે તેના ઉત્તરમાં ખરૂં જોતાં તેવાં નાનાં છોકરાંઓને પકડી જનારા પ્રથમ બાવાઓ હતા નહી.

પરંતુ બાવાના વેશથી નાનાં છોકરાંને પકડી જનારા પ્રથમ બ્રાહ્મણોજ હતા. કારણકે પહેલાના વખતમાં કેટલાક (મહિધર) અને ચાર વાક જેવા નાસ્તિક પંથના બ્રાહ્મણો દેવીઓને મનુષ્યોનાં બળી દાનો આપતા હતાતેમજ આગળના વખતે કેટલાક રાજાઓ નરમેધ યજ્ઞોની વીધી પણ બ્રાહ્મણોના હાથેજ કરાવતા હતા માટે તે વખતે નાના છોકરાઓને પકડવા સારૂ બાવાના વેશે નાસ્તિક પંથના બ્રાહ્મણોજ ફરતા હતા, છતાં તેવા અઘટિત કૃત્યો કરનાર સાધુઓ છે નહિ!

વળી તેજ કલમમાં! નાના છોકરાની માને બાવા લઇ જાય વિગેરેથી કહ્યું છે. તેના ઉત્તોરમાં તપાશી જોતાં તે વાતસત્ય નથી. કારણકે તેવી વાતોના ગપોડા ગુમતી લોકોએ હસવા માટે ગોઠવ્યા છે તેમ છતાં પ્રત્યક્ષ રીતે જોએ છે તો કેટલાક બ્રાહ્મણો લગ્ન પ્રસંગે યજમાનોને આશીષના બદલામાં કહે છે કેઃ—

वर मरो कन्या मरो पण गौरनुं त्रभाणु भरो ।

ઇત્યાદી વિશેષ્ણોથી જગતમાં પ્રખ્યાત થએલા તો દ્વિજોજ દેખાય છે.

વળી તેજ કલમની આગળ જતાં લખ્યું છે કે, પોતાની વહુ દીકરીની કોઇ પાડોશીના છોકરાઓએ મશ્કરી કરી હોય તો તેની સાથે ટંટો કરે છે ને બિચારા બાવાને બૈરૂં નહિ તેથી તેના ઉપર દયા લાવીને ઉદારતા રાખે છે.

વિગેરેથી લખ્યું છે માટે તેના ઉત્તોરમાં તપાશી જોતાં તેમનું કહેવું સત્ય નથી, પણ કલ્પીત છે.

કારણકે બૈરાંની મશ્કરી બાવાઓ કરતા નથી પણ ઘણાભાગે તપાશી જોઇશું તો બ્રાહ્મણો કરે છે, જુઓ! કોઈ કોઇ ઠેકાણે જોશી બ્રાહ્મણો બૈરાંની પાસે ખાનગી રીતે એકાન્તમાં જોષ જોવા બેસે છે પછી સારી રૂપાળી સ્ત્રીને નિહાળીને તેના ધણી સાથે બનાવ રહેવાનો કે છોકરા થવાપણાનો હોમ બતાવે છે. તેમજ તેણીનો કોઇ (પ્રિતીવાળો) પુરૂષ કેવો પ્રેમ રાખશે વિગેરેની સુકનાવળી દેખાડી તેવી ભોળી સ્ત્રીઓને જોશીઓ પોતાની જાળમાં લપટાવે છે.

તે પછી કેટલીક મોડી વાતોથી રીજવીને સ્ત્રીના અંગ ઉપરથી કંઇ પણ ચિન્હ ખોળી કાઢવાના બહાને તેની જાંઘ અથવા શરીરની ગુપત આકૃતિઓ વસ્ત્ર ખસેડાવી ઉઘાડી કરાવે છે. તે પછી કેટલીક મનતરંગની વાતોના ઘોટાળામાં નાંખી છેવટે તેવી સ્ત્રીથી (અંગદાન)ની માગણી એટલે (વ્યભિચાર) કરાવવાનું કહેછે. માટે ખરૂં જોતાં તો બૈરાંની મશ્કરી કરનાર બાવાઓ નથી પરંતુ ઉપર વરણવ્યા પ્રમાણે જોશી બ્રાહ્મણો હોય છે,

વળી આગળ જતાં તેજ કલમમાં લખ્યું છે કે, જુઓ શૃંગીરૂષી એકજ નિશ્ચયવાળા હતા તો તેમને પણ સ્ત્રીઓ આડે માર્ગે લઇ ગઈ માટે કામદેવને વશ રાખી શકે છે, એવું કહેનાર કેવળ ભોટ છે. માટે તેના ઉત્તોરમાં તપાસી જોતાં ઘણાક મહાત્માઓ જ્યારે પોતાનો નિશ્ચે (ટેક) ધારણ કરે છે, ત્યારે ગમે તેવી સ્ત્રી આવી ચળાયમાન કરે તો પણ તેઓ પોતાની અડંગવૃત્તિ છોડતા નથી. તેના પ્રમાણમાં જુઓ ? ઉમ્યાજી રામચંદ્રને છળ કરવા માટે સતિ સીતાના જેવું રૂપ ધારણ કરીને ગયાં હતાં પરંતુ તેમના સ્વરૂપથી પ્રભુ મોહ્યા નહિ જેથી સતિ લજ્જીત પામી પોતાના સ્વાંમિથી વિમુખ થઇ.

વળી ? જુઓ કામદેવ પોતાની કામનીઓ સાથે મહાદેવને છળ કરવા ગયો હતો પરંતુ પોતેજ ભસ્મીભૂત થઈ પડયો પણ તેનાથી શિવ છળાયા નહિ. તેવીજ રીતે ધ્રુવજીને છળ કરવા માટે ઇંદ્રિ પોતાની પ્રિયો સાથે ઘણા પ્રયત્નો કરતો હતો છતાં ધ્રુવે પોતાનો નિશ્ચે છોડયો નહિ.

તેવીજ રીતે શૃંગી રૂષી પોતાનો નિશ્ચે છોડતા હતા નહી, પણ તેમનો તે વખતે બ્રહ્મચર્યા આશ્રમનો તપ પણ પુર્ણ થઇ રહ્યો હતો, અને તેમના હાથે અયોધ્યાના રાજા દશરથજી યજ્ઞ કરાવે તોજ

પ્રજાના સુખ માટે પુત્રો ઉત્પન્ન થાય એવું ભવિષ્યનું કથન પણ હતું જેથી શૃંગી રૂપી સ્ત્રી સાથે અયોધ્યામાં આવ્યા અને દશરથની આશા પુર્ણ કરી, માટે મહાત્માઓ તેત્રા નિશ્રેને (અહોનિસ) આદ રાખી ધર્મડરથી પોતાનો કામ વશ રાખે છે, છતાં તેમણે બધા ત્યાગીઓને કામચોર ગણી કાઢયા છે તે વિશે તેમણે સહુને એકજ લાકડીએ હાંકયાના સમાન ગણ્યું છે.

વળી તેજ કલમમાં કહ્યું છે કે ત્યાગીઓ કરતાં સંસારી ઘણા દરજ્જે સારા હશેજ ! કેમકે સંસારીને ઘરના બૈરાં, છોકરા, માબાપ બ્હેન, ન્યાતજાત, સગાંવ્હાલાં, પોડોશી વિગેરેથી કાંઇકપણ ડર રહે છે, તેથી ઇજત સારૂં ડરી અવળે માર્ગે જતાં અટકે છે.

વળી તે પોતાના ઉદ્યોગથી નવરો પડે નહિ, તેથી તેને એકાંત મળવી મુસ્કેલ થઇ પડે છે. માટે સંસારીથી કાંઇજ બને નહિ ને હાલની વસ્તીમાં રહેલા ત્યાગીઓ (ગફામાં નશ્રા) કાઢે છે તે ખોટ મનુષ્યો સમજતાં નથી, ઇત્યાદી લેખથી કહ્યું છે. માટે તેના ઉત્તોરમાં જોતાં કંઇ ત્યાગીઓ ગફામાં રહી સ્ત્રીસંગ રૂપી નશ્રા કાઢતા નથી. પરંતુ તેવાં (ભોપાળાં) બોલાવનારા જે આગળ કહી ગયા તે પ્રમાણે જોશી બ્રાહ્મણો હોય એમ જણાય છે. કારણ? કે મહાત્માઓ પોતાના નિતી નિયમના કાર્યમાંથી મુક્ત રહે નહી ને રહે તો જ્યાં ત્યાં ઉપ્રોક્ત બ્રાહ્મણોની પેઠે સંસારી માણસોના ઘરમાં પેસી સ્ત્રીઓ સાથે ખાનગી વાતો પણ કરે નહિ માટે તેમના ધારવા પ્રમાણે તેવાં લક્ષણો સાધુઓમાં હોતાં નથી.

વળી તેજ કલમમાં લખ્યું છે કે, જુઓ ભાઇ, પ્રથમ વસ્તીમાં જન્મીને વસ્તીમાં ઉછરેલો તે વસ્તીને ત્યાગ કરી વસ્તીમાંથી નીકળી ગયો તોપછી તેને વસ્તીમાં આવી વસવાનું કારણ શું ? વિગેરેથી

કહ્યું છે માટે તેના ઉત્તોરમાં શાસ્ત્રો સિદ્ધાંત જોતાં જુઓ ધ્રુવજીએ પોતાના માતપીતાનો ને રાજ્યનો ત્યાગ કરી વનમાં જઇ તપસ્યા કરી છતાં પાછા વસ્તીમાં આવી રહ્યા.

વળી ? જુઓ વસિષ્ટ ગુરૂ વસ્તીમાંથી નીકળી વનમાં જઇ રહ્યા હતા છતાં રામચંદ્ર વીના સુની રહેલી અયોધ્યા નગરીમાં આવી પ્રજાનું રક્ષણ કર્યું.

વળી ? જુઓ કપીલ મુનીએ પોતનાં માતપીતાનો ત્યાગ કરી વનમાં જઇ તપાચર્ણ કર્યું છતાં પોતાની માતુશ્રી દેહુતીને આત્મ પ્રાપ્તિનો ઉપદેશ આપી જીવન મુક્ત કરી.

વળી ? જુઓ અષ્ટાવક્ર મહાત્મા વસ્તીમાં જન્મીને ત્યાગી થઇ ગયા હતા છતાં ફરતા ફરતા જનકપુરની વસ્તીમાં આવ્યા ને ત્યાં રાજા જનકને અદ્વૈત મતનો ઉપદેશ કરી જીવન મુક્ત કર્યા.

વળી ? જુઓ ભગીર્થજી વસ્તીમાં જન્મી વનમાં જઇ મહાન તપસ્યા કરી ગંગાને પૃથ્વી ઉપર ઉતારી અને કપીલ મુનીના શાપથી ભસ્મ થએલા શગર પુત્રોનો ઉદ્ધાર કરી પાછા વસ્તીમાં જઇ વસ્યા.

વળી ? જુઓ એક ગૌકર્ણ નામના ત્યાગી મહાત્મા વસ્તીમાં જન્મીને વનમાં ગયા હતા છતાં પાછા વસ્તીમાં આવી પોતાના અધોગતિ ભાઇ ધુંધુંકારને ભાગવત શ્રવણ કરાવી પ્રેતના દેહથી મુક્ત કર્યો.

વળી ? જુઓ શ્રી શંક્રાચાર્ય મહારાજ કે જે એક બ્રાહ્મણીના પેટે જન્મ ધારણ કરી લઘુ ઉમ્મરે વિરક્ત થઇ જંગલમાં ગયા હતા છતાં પાછા વસ્તીમાં આવી વસ્તીના લોકોને ઉપદેશ કરતા હતા.

વળી ? જુઓ શ્રી સંપ્રદાર્યના પ્રચારક સ્વામિ રામાનુંજાચાર્ય તે વસ્તીમાં જન્મી માત્ર આઠ વર્ષની ઉમ્મરે ત્યાગી થઇ જંગલમાં ગયા હતા છતાં પાછા વસ્તીમાં આવી લોકોને ધર્મનો ઉપદેશ કર્તા હતા.

વળી? જુઓ હાલમાં પુજાતા જે બ્રાહ્મણોના ગુરૂ શ્રી શંકરાચાર્ય સંપ્રદાયના મહાત્માઓ વસ્તીમાં જન્મી ત્યાગી થએલા છે છતાં વસ્તીમાંજ રહીને વસ્તીના લોકોને ધર્મોનો ઉપદેશ કરે છે વિગેરેના અનંત પ્રમાણોથી તપાશી જોતાં તે પત્રકારનું કહેવું વાસ્તવીક નથી, પરંતુ દ્વેષી છે.

વળી ? તેજ કલમમાં તેમણે ત્યાગીઓ વીષે લખ્યું છે કે, પુત્રે માબાપની તેમના જીવતાં સુધી પ્રતિપાલણા કરવી તેને ' હલે જે માએ નવ માસ પેટે રાખ્યા મળ મુત્ર ધોયાં, તે માતપીતાના કામનો બદલો નહિ વાળતાં કૃતઘ્નીપણું કરી નીકળી ગએલા બીજાનું શું કલ્યાણ કરશે ? વિગેરેથી કહ્યું છે માટે તેના ઉત્તોરમાં તપાસી જોતાં જુઓ ? પ્રથમ બ્રહ્માએ પોતાના અંગથી (શનકાદિક) વિગેરે ચાર પુત્રો ઉત્પન્ન કર્યા છતાં પોતે બ્રહ્માની આજ્ઞા પ્રમાણે સંસારી ન થયા પરંતુ પોતે નિષ્કામના ગ્રહણ કરી ત્યાગી થઇ વિચરવા લાગ્યા તે શું કૃતઘ્નીપણું કહેવાય?

વળી ? જુઓ શ્રી શંકાચાર્ય પોતાની માતાશ્રીના પેટે જન્મી પોતે આઠ વર્ષની ઉમ્મર થતાંજ તેનો ત્યાગ કરી ચાલી નિકળ્યા તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ ધ્રુવજી (૫) વર્ષના છતાં પોતે માતપીતાનો ત્યાગ કરી ચાલી નીકળ્યા તે શું કૃતઘ્નીપણું કહેવાય?

વળી ? જુઓ પ્રહલાદજીએ પણ પોતાના દુષ્ટ પિતાને ઉપર રહીને મરાવ્યો તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ હનુમાનજીએ પોતાની માતાશ્રી અંજનીનો ત્યાગ કરી પોતે રૂષીમુખ પર્વતમાં જઈ રહ્યા અને ત્યાં શ્રી રામચંદ્રના દાસ થઇ રાવણને મારવા સાથે ગયા તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ વેદ વ્યાસજી પોતાની માતાશ્રી મચ્છગંધાથી જન્મ ધારણ કરી તુરત તેનો ત્યાગ કરી ચાલી નીકળ્યા તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ શુકદેવજી જન્મીને તુરત ચાલતા થયા તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ યાજ્ઞવલક્ય મુનિ વાનપ્રસ્થાશ્રમ પ્રમાણે ગૃસ્થી હતા છતાં રાજા જનકે પુછેલા પ્રશ્ન પ્રમાણે તુરત ત્યાગી થઇ ચાલી નીકળ્યા તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ શ્રી સંપ્રદાયના સ્થાપક શ્રી સ્વામિ રામાનંદનો પ્રથમ જન્મ (દેહ) સુર્યના અવતાર રૂપે બાઇ (સુશીલા)ના પેટે થયો હતો છતાં પોતે આઠ વર્ષની ઉમ્મરે ત્યાગી થઇ ચાલી નીકળ્યા તે શું કૃતઘ્નીપણું કહેવાય ?

વળી ? જુઓ એક ત્રિવિક્રમાનંદ નામે બ્રાહ્મણ હતો તે લગ્ન ફેરા ફરતાં અધવચ્ચથી વૈરાગ ગ્રહણ કરી પોતે ત્યાગી થઇ ચાલી નીકળ્યો તે શું કૃતઘ્નીપણું કહેવાય ? [1]

વળી ? જુઓ એક રામદાસ નામે સંસારી માણસ હતો તે પોતાના લગ્ન પ્રસંગે ચોરીમાં મંગળ ફેરા ફરતાં પોતે ત્યાગી થઇ ચાલી નીકળ્યો તે શું કૃતઘ્નીપણું કહેવાય ? [2]

---

૧ જુઓ કવિ નર્મદાશંકર કૃત ત્રિવિક્રમાનંદનું જન્મ ચરીત્ર,

૨ જુઓ ભકતમાળામાં સાધુ રામદાસજીનું ચરીત્ર.

વિગેરે ઘણાક દાખલાઓ છે પરંતુ તેવા પત્ર લખનારશ્રીના અપ્રમાણીક લેખ સામે આટલા બહુ છે.

વળી તેજ કલમમાં લખ્યું છેકે, જુઓ સંસારી નર્કને પામતા હોય તો બ્રહ્મા સ્ત્રી પરીવાર વિગેરેથી સંસારી છે. તેમ સ્ત્રી પરીવાર વિગેરેથી મહાદેવ સંસારી છે વિષ્ણુ તથા વૈકુંઠના અધિપતીપણાથી સંસારી છે તેથી તે નર્કમાં જશે કે કેમ? વિગેરેથી કેટલુક ત્યાગીઓ માટે કહ્યુ છે માટે તેના ઉત્તોરમાં તપાસી જોતાં તેમનું કહેવું વાસ્તવીક નથી. કારણકે ઉપર વર્ણવેલા ત્રિદેવ જક્તના નિયંતા સર્વોપરી એક ચક્રવર્તિ રાજાથી પણ અધિક ગણાય છે એટલે જેમ રાજા સ્ત્રી પરીવાર સહીત સંસારી હોય છે. છતાં તેના સૈનિક લદ્દગૈયા (પાર્ષદો) સંસારી હોતા નથી.

તેવીજ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ જગતના કર્તા કારણરૂપે પ્રથમથી ચક્રવર્તિ રાજા સમાન જકતના (કલ્યાણકારી) ગણાય છે. અને તેના જે ભક્તિ પ્રચારક સાધુઓ છે તે કામક્રોધ રહિત ત્યાગી (પાર્ષદો) ગણાય છે. એટલે જેવી રીતે કોઈ એક રાજાના લસ્કરીઓ અન્ય અનિતિથી ચાલનારા રાજા ઉપર ચઢાઇ કરી તેનો પરાજય કરી પુનઃ નિતીનું રાજયસ્થાપન કરેછે તેવીજ રીતે પ્રભુ ધર્મપ્રચારક ત્યાગી સાધુ (પાર્ષદો) આ સંસારમાં વિચરી જીવ રૂપી રાજાને અનિતિમાં લઇ જનાર જે કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે વિષયરૂપી રાક્ષશોને જ્ઞાન ખડગ વડે છેદીને શ્રી સનાતન વેદ વિહીત ઇશ્વર ભક્તિને પ્રાપ્ત કરે છે, માટે બધા ત્યાગી (પાર્ષદો) પ્રભુને ઘણા પ્રિય છે, તેમ છતાં પત્રકારે ત્રિદેવને સંસારી તરીકે વર્ણવી મનુષ્યોની પંક્તિમાં મુકયા છે, તે વ્યાજબી નથી.

વળી જે વિષ્ણુ પરમાત્માને તેમણે ભોગી કહ્યા છે પણ વસ્તુતાએ જોતાં તે ભોગી નથી પરંતુ તે સર્વોપરી અજર–અમર અવિનાશી તેમજ સર્વમાં વ્યાપક (ઇશ્વર) ગણાય છે. માટે તેમને કર્મો કરવાની કે મુક્તિ બીજાની પાસેથી મેળવવાની જરૂર નથી, તે (નિત્ય મુક્ત છે) તેમ છતાં જે લક્ષ્મીરૂપી સ્ત્રી પોતાની પાસે રહી છે તે સદન્તર જક્ત ઉત્પત્તિના કાર્યરૂપ (માયા) પ્રકૃતિ રૂપ ગણાટ છે, જેથી ઇશ્વર તે (માયા) ના અંજનમાં (ભોગમાં) આવતા નથી તે નિર્વીકારી છે. છતાં જે કોઇ તે પ્રભુને ભોગી કહે છે, તે વિષે પોતાના મોટી ભુલ ગણાય છે. માટે તેવા પરીબ્રહ્મ પરમાત્માના (અચ્યુતધામ) ને પામવા સારૂ અવૈરાગવાન સંસારી સમર્થ નથી, પણ શ્રીસનાતન ત્યાગી સાધુઓજ સમર્થ છે. એવું અનેક શાસ્ત્રોના કર્તાઓએ એક અવાજે કબુલ કરેલ છે, માટે ત્યાં જોઇ લેવું, જેથી શંકાનું સમાધાન થશે.

વળી તેમણે તેજ કલમમાં લખ્યું છે કે, ત્યાગીઓને ગળ્યો ને ચીકણો પદાર્થ ખવરાવવાની મનુસ્મૃર્તી જે ધર્મ શાસ્ત્ર તેમાં સ્પષ્ટ ના કહેલી છે.

વિગેરેથી લખી આગળ જતાં ત્યાગીઓની ઘણી નાન્યતરતા દર્શાવી છે, માટે તેના ઉત્તોરમાં તપાશી જોતાં પત્ર કર્તાએ જાણે ઘઉંના દાણા નકામા ગણી કાઢી કેવળ કાંકરા ભરડીયા હોય તેમ દેખાય છે. કારણકે મનુસ્મૃતિ ત્યાગીઓને સારો ખોરાક ખવડાવવાનું ના કહે છે તો પછી તેજ મનુએ બ્રાહ્મણોને કયારે કહ્યું છે કે તમો શુદ્રોનું દાન લેજો? મનુએ બ્રાહ્મણોને સ્પષ્ટ ના કહ્યું છે કે, જે કોઇ બ્રાહ્મણ શુદ્રનું દાન લેશે તો તેને બાર જન્મ ગધેડાના ને સાઠ જન્મ સુવરના ને સિતેર જન્મ કુતરાના ધારણ કરવા પડશે વિગેરેથી મનુએ બ્રાહ્મણોની માટે બહુ કહ્યું છે. છતાં આજના બ્રાહ્મણો તો તે વાતને વિસારી દઇ આખું કોળુ શાકમાં ઓર્યાના સમાન કેટલીએક વર્ણોનું

દાન લીયેછે, માટે તેવા મનુભગવાનની આજ્ઞાનો ભંગ કરનારાઓને કેવા અન્યાયી સમજવા.

વળી જુઓ તંબાકુ પીનારા બ્રાહ્મણોવિષે પદ્મ પુરાણમાં કહ્યું છે કેઃ—

॥ धूम्रपानरतं विप्रंदान कुर्वन्तिनराः ॥

॥ दातारो नरक यान्ति ब्राह्मणो ग्राम शुकर ॥ પદ્મ. પુ.

અર્થ—જે માણુસો તંબાકુ પીનારા બ્રાહ્મણોને દાન કરે છે તે નરકે જાયછે અને તેવો તંબાકુ પીનાર બ્રાહ્મણ કોઇપણ માણસની પાસેથી દાન લીયે છે તો તે ગામડામાં ફરનારાં ડુક્કરની યોનીમાં જન્મે છે. વીગેરેથી બ્રાહ્મણોની માટે ધર્મ શાસ્ત્રોમાં ઘણું કહ્યું છે પરંતુ ટુંકમાં સુજ્ઞ મીત્રોની જાણને માટે આટલું બહુ છે, છતાં પત્રકારે ત્યાગી મહાત્માઓની નિંદા કરીછે તે જાણે ભોળા સાંસારીઓના માથે સંસારી બ્રાહ્મણોને કે અથવા સંસારી સાધુઓને ગુરૂ કરાવવાના હેતુથી કરી હોય તેમ દેખાય છે માટે તેવા સંસારીઓને કોયે ગુરૂ કરાવવા નહી એ વિષે એક ધર્માનંદ નામના મહાત્માએ કહેલાં નિચેનાં પદ વાંચો.

ભોગી ગુરૂથી દુર રહેવા વિષે સાધુ શ્રી ધર્માનંદે કહેલાં પદ.

*વિષ્ય ગુરૂથી રહેવું દુર, વિષ્ય ગુરૂથી રહેવું દુર;

---

*ભોગી ગુરૂ વિષે ભગવાને નારદ પ્રત્યે પણ કહ્યું છે કેઃ—

गृहिगुरू नचक्रत्त्वंव न चतरंते नतारंतिः

पाषण नवका ऋत्वंत्र शारभारन लभयंतिः

અર્થ—હે નારદજી કોઇ પણ માણુસને પોતાના માથે સતગુરૂ કરાવવાની મરજી થાય તો તેવાએ કોઇ પણ સંસારી સાધુને ગુરૂ કરાવવો નહીં. કારણકે સંસારી ગુરૂના ઉપદેશનું ફળ પથ્થરની નાવમાં બેસી સમુદ્રની પાર ઉતરયાના સમાન (અશકય)છે.

પ્રભુનો મારગ ભુલાવે પાપી, અવળુ બતાવે અસુર. વિ. ટેક.
જ્ઞાનની તો વાત ન જાણે, અજ્ઞાનમાં ચકચુર;
જે જન સંગ કરે તેવા ગુરૂનો, તેને નાંખે ચોરાશી પુર. વિ. ૧
પુરણ પાપ જેના ગુરૂ વિષ્યી, સુખ નહી તેને ઉર;
અતિ અપાર તે દુઃખ ભોગવે, જાણી લેજો જરૂર. વિ. ૨
સાચા ગુરૂ ભાઈ સોઇ જાણો વિષ્પ થકી રહે દુર;
ધર્માનંદ કહે અવિદ્યા મટાડીને, રાખે પ્રભૂની હજૂર. વિ. ૩

પદ ૨ જું.

પુરણ પાપ પ્રગટે ભારી, જેહના સીર ગુરૂ સંસારી. પુ. ટેક.
અહો નિસતે રહે ઉદાસી, યુવતસિંગ જંજારી;
સંતતિ સારૂ કરે કલ્પના, કબ રહે ગર્ભ મુજ નારી, પુ. ૧
દુઃખમાં આયુષ ગુમાવે અભાગી, ઘર ઝગરામાં તંનખારી;
શોક સદા નહી હરખ હરીજંન, બાધી આંખે અંધારી, પુ. ૨
જક્ત જઇ ગુરૂ કરો યોગીને, વિકત વેદ અધિકારી;
કર્મનાં બંધન કાપી આપે, પરમધામ કીરતારી પુ. ૩
ભિન્ન ભિન્ન સબ શાસ્ત્ર પુકારે, નહિ જુઠી વાત હમારી;
ધર્માનંદ એવા ધીર ગુરૂના, મેં ચરણુ કમળ બલીહારી. પુ ૪

પદ ૩ જું.

જગતમાં ગુરૂ બન્યા છે અપાર, જગતમાં ગુરૂ બન્યા છે અપાર;
મોક્ષની વાતમાં લેશ ન જાણે, ઉરમાં વિષ્ય વિકાર. જગ૦ ટેક.
પ્રભુ ચરણમાં પ્રિતી ન રાખે, ત્રિયા તાનના જાર;
આઠો પહોર અંતરમાં રાખે, દ્રવ્ય હરવાનો વિચાર. જગ૦ ૧

ઘી સાકર દૂધ દહીં પોષી, કરે મિષ્ટાનો આહાર;
ઇંદ્રિયો વિષયમાં આકુળ, વ્યાકુળ ભુંડું તાકે દગાર. જગ૦ ૨
એવા ગુરૂનો જે સંગ કરે, તેને પુગાડે નર્કદ્વાર;
ધર્માનંદ કહે યમના દૂત તે, મારે પાપીને માર. જગ૦ ૩

એ પ્રમાણે શાસ્ત્રોથી તપાસી જોતાં કહ્યું છે કે, જેના સંગથી વિષય વિકારો કમી ન થાય તેવા ગુરૂનો મુમુક્ષુ જનોએ કદી પણ સંગ કરવો નહી કારણ કે તેઓ પોતે માયાના બંધનોમાં બંધાઇ રહ્યા છે તોપછી તે પોતાના શિષ્યોને શું બતાવવાના? કંઇજ નહી માટે તેવા સંસારી ગુરૂનો મોક્ષમાર્ગિએ સંગ કરવાથી ગુરૂ અને શિષ્ય બન્ને યમપુરમાં જાયછે તેમ છતાં જે ભોગીઓને ગુરૂ કરાવવા વિષેનો સિદ્ધાન્ત પત્રકારે પ્રસીદ્ધ કર્યો છે તે સત્ય નથી, વળી આપણા ભરતખંડના ભોળા લોકોને કેટલા બ્રહ્મણોએ પોતાનો પાખંડ મત પ્રસરાવી અંધારામાં અથડાવ્યા છે માટે તેવા પાખંડીઓથી લોકોને જાગૃત કરવા સારૂં શ્રીમાન્ સ્વર્ગવાસી શ્રી પૂજ્ય ભોળાનાથે અભંગ બનાવ્યાં છે તે નીચે પમાણે વર્ણવું છું.

દ્વેષી બ્રાહ્મણોના પાખંડથી લોકોને જાગૃત કરવા વિષે શ્રીમાન્ સ્વર્ગવાસી પુજ્ય ભોળાનાથે કહેલા અભંગ.

અભંગ. ૧

વિપ્ર ધર્મ ભ્રષ્ટ બની વૃથા પુષ્ટ
કરે કર્મ દુષ્ટ નિંદ્ય ઘણાં ૧
નવ જાણે વેદ નવ જાણે કર્મ

અભંગ ૨.

માનો કે ન માનો સુણો કે ન સુણો
પરિતાપ ઘણો થાય મને ૧
નથી મારે તેમાં કાંઇ નિજ સ્વાર્થ

નવ જાણે ધર્મ શાસ્ત્રના તે ૨
નામ ધરી દ્વિજ જન સમુદાય
ફોગટનું ખાય શ્રમ વીના ૩
સ્વધર્મ છોડી તે બન્યા ધર્મ ઠગ
છેતરાય જગ તેના ઢોંગે ૪
શ્રાધને દિવસે બેસે પિતૃસ્થાન
માને યજમાન તેને દેવ ૫
એવો પિતૃ યજ્ઞ નીતીથી વિરૂદ્ધ
કરે છે નિષિધ સુજ્ઞ જનો ૬
લોક છે અજ્ઞાન કરે વૃથા દાન
આપે અન્ન પાન કુપાત્રને
અરે પ્રભુ મારા હવે થઈ સમા
કરો તમે ક્ષમા લાવી દયા ૮

અભંગ ૩.

પૂર્વના રૂષિનાં અમૃત વચન.
કરયાં ઉલંઘન નિચ લોકે. ૧
દુષ્ટ ગ્રંથ રચી લોકોને ભમાવ્યા
પોતાને પુજાવ્યા બની દેવ ૨
હવ્યનું ખાનારા કવ્યનું ખાનારા
ધુર્ત છે ધુતારા ધર્મ હીન ૩
વિપ્ર નામ ધારી દુષ્ટ અનાચારી
કીધા છે ભીખારી દેશીઓને ૪
નથી દેશ દાઝ નથી તેને લાજ
ખરા ઠગલબાજ લોક દ્વેષી ૫

કહુ છું યથાર્થ જે લાગે તે ૨
ભટોએ બગાડ્યા ઇશ્વરના ગુણુ
આરોગ્યા દુર્ગુણુ સર્વ તેમાં ૩
પોતે દેવ બની લે છે બહુ દાન
ખાય છે મિષ્ટાન લજ્જા મુકી ૪
બ્રહ્મ રાક્ષસોએ ચુસ્યુ છે રૂધિર
રહ્યું નથી જોર મનુષ્યમાં ૫
રૂડાં કાર્ય વેળા એજ આવે આડે
કદી નહી કાડે ખાડામાંથી ૬
એવા રાક્ષસોનો સંગ છુટે જ્યારે
થશે સત્ય ત્યારે દેશ ઉન્નતિ ૭
માટે મિત્ર જનો સુણીને વિનંતિ
વિચારો ઉન્નતિ આ દેશની ૮

અભંગ ૪-

માત્ર જાતિ મુખ્ય માની મુર્ખજન
કરે છે પુજન બ્રાહ્મણનું ૧
પણુ દોષ નથી અજ્ઞાની જનોનો
પૂજે છે બ્રાહ્મણો શાણુઃ લોક ૨
ન્યાયમાં નિપુર્ણ સમજમાં પુર્ણ
બીજા સારા ગુણુ હોય તેમાં ૩
ચલાવે વિવેકે સંસાર વ્યવહાર
કરે છે વિચાર પૂર્વ પર ૪
પણુ ધર્મ કાર્ય કરે ન વિચાર
ચલાવે આચાર અંધ થઇ ૫

તેમનું જીવન સર્વ ખાવા માટે	મૂર્ખ બ્રાહ્મણનું કહ્યું તે કરે છે
પ્રેતબની ચાટે શ્રાધ ક્ષીર ૬	દાસ બની રહે છે તેના સર્વ ૬
દયા હીણુ દુષ્ટ તરૂણનું ખાય	ચતુર અને શાણા જ્યારે તેમ ચાલે
તોય ન ધરાય ખાવા થકી ૭	નહી કોઈ કાળે થાય હિત ૭
પરાન્ન ભોજને હૃષ્ટ પુષ્ટ	
કરી અતિ દુષ્ટ આચરણ ૮	

અભંગ ૫.

દેશ હિત જેના હાથથી ન થાય	ત્યહાં સુધી કરે દાતાના વખાણ
આવ્યા તેવા જાય ખાલી હાથે ૧	આપે તેને માન દેવ તુલ્ય ૫
જેને કાંઇ નથી સ્વદેશાભિમાન	બનાવે છે તેને ઇશ્વરાવતાર
ફોગટ છે દાન પુન્ય તેનું ૨	ન કરે વિચાર આચારનો ૬
લાલચું વિપ્રોને નથી કાંઇ લાજ	પરંતુ ન મળે તેને દ્રવ્ય ધન
માત્રતેનું કાજ સાધી લે છે ૩	તત્કાલજ મન ફરે તેનું ૭
જહાં સુધી મળે તેને દ્રવ્ય ધન	લાજ તજી કરે નિંદાનો ઉચ્ચાર
મિષ્ટાન ભોજન મળે તેને ૪	સર્વ ઉપકાર ભુલી જાય તે ૮

ઇત્યાદી અભંગો ઉપરથી જોતાં દરેક વર્ણના વિરોધી બ્રાહ્મણ જ દેખાય છે પરંતુ સાધુઓ નથી.

માટે દરેક માણસોએ બ્રાહ્મણોને કર્મોથી થએલા છે એમ માનવા જોઇએ પણ જન્મથી છે તેમ માનવા નહિ કારણ કે, તે વિષે જુઓ વજ્ર સૂચી ઉપનિષદમાં લખ્યું છે કે, હરણીથી શૃંગી રૂષિ થયા દર્ભથી કૌશીક સસલીથી ગૌતમ બીલડીથી વાલ્મિક પરાસર ચંડાલીથી માતંગ ઋષિ માતંગી (ચંડાલીથી) ઉત્પન્ન થયા. અગસ્ત ઋષિ કલશથી ઉત્પન્ન થયા. માંડુક્ય દેડકીથી (નીચ જાતિની સ્ત્રી હોવી જોઇએ) અનુચર ઋષિ હાથણીથી ભારદ્વાજ થયા

ણીથી વ્યાસ મહારાજ મચ્છીમારની કન્યાથી વશિષ્ટજી વેસ્યાથી વિશ્વામીત્ર ક્ષત્રીયાણીથી નારદજી ગોલીથી આવી રીતે ઘણાક ઋષિયો નીચ કુળથી ઉત્પન્ન થએલા છે. વળી સતમત નિરૂપણુ નામના ગ્રંથ માંના પૃષ્ટ ૬૬ માં લખ્યું છે કે ઉપર લખેલી રીતે કેટલાક ઋષિયો ઉત્પન્ન થયા છે છતાં ભંગીઆ જેવી નીચ જાતીમાંથી પણ બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે. વળી કેટલાંક પ્રમાણોથી તપાસી જોતાં જે વજ્ર શુચિ ઉપનિષદ આશરે આજથી (૯૦) નેવું વર્ષનું પ્રગટ થએલ છે તેમાં પણ લખ્યુ છે કે સાંખ્યાદિ ઋષિ શ્વપચ થકી ઉત્પન્ન થએલા છે.

વીગેરે ઘણા ઘણા શાસ્ત્રોમાંથી બ્રાહ્મણ ઉત્પતિના પ્રમાણ મળી આવેછે તેથી સિદ્ધ થાય છે કે સારી ધર્મની ક્રિયાદીક ગુણના લીધે બ્રાહ્મણ થયા છે. પણ જન્મથી થયા નથી. જો જન્મથી બ્રાહ્મણ થયા હોય એમ માનવામાં આવે તો વિશ્વકર્મા પ્રભુના સંતાન જે (મુખ માસીત) પંચાળ બ્રાહ્મણ ગણાય છે કારણ કે તેના વીષે કેટલાક પ્રમાણ મળી આવે છે.

માટે ગમે તે જાતિમાં ઉત્પન્ન થએલ મનુષ્યને વેદાદિસત ક્રિયા કરવાની તેમજ ઇશ્વર ધર્મ ઉપર વૈરાગ રાખી ત્યાગી સાધુ થવાની સર્વ કોને છુટ છે. માટે ધર્મ સેવી ચહાયતો ઉચ બનો ને ચહાયતો નીચ બનો એ સૌ સૌના હાથમાં છે.

પુરૂષાર્થ કરો ઇશ્વર દયાળુ છે તે ફળ આપશે ને મીથ્યાભિમાની બકતા રહેશે પ્રભુ ભજશે તે વિમાન ચઢી પ્રભુપદ પામશે.

ॐ शान्तिः शान्तिः शान्तिः

સમાપ્ત.